**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૯.૪ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૨ ટકા ● સાંજે ૯૦ ટકા

## આજે ગાંધીનગરમાં

● ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા નવરાત્રી મહોત્સવમાં પ્રહર વોરા અને સંપદા વોરા રાત્રે ૭.૩૦ કલાકે સે-૧૧ સ્થિત રામકથા મેદાનમાં ગરબાની રમઝટ જમાવશે.

● શિવ શકિત મંદિર ચોક સે-૭-સી ખાતે રાત્રે ૮.૩૦ કલાકે માતાજીની આરતી યોજાશે.

● નવરાત્રી સમિતિ સે-૩ ન્યુ દ્વારા રાત્રે ૮.૩૦ કલાકે આરતી તથા ૯ કલાકે પ્રથમ મ્યુઝિકલ ઓરકેસ્ટ્રા દ્વારા પારૂલ પટેલના ગરબા યોજાશે.

● મા મેલડી આનંદ ગરબા મંડળ સે-૩ના મધુબેન કે. કડીકર દ્વારા બપોરે ૨.૩૦ થી ૫ દરમિયાન પ્રકાશભાઈ આર. પટેલના નિવાસસ્થાન સે-૧૪ રત્નસાગર સોસાયટી ખાતે આનંદનો ગરબો યોજાશે.

## ચિરવિદાય

● સ્વ. હિતેન્દ્રકુમાર અમૃતલાલ ભાવસાર, ઉ.વ. ૫૮
● સ્વ. પટેલ મંગળભાઈ વિઠ્ઠલદાસ, ઉ.વ. ૭૩
● સ્વ. સુથાર ગોરધનભાઈ સોમાભાઈ, ઉ.વ. ૮૦

# શહેરમાં નવરાત્રિનો મંગલ પ્રારંભ

**જયોતિ મહિલા મંડળના ફરતા ગરબાથી નવરાત્રીનો શુભારંભ : કુલ ૯ વયજૂથમાં ૫ થી ૮૫ વર્ષની બહેનોએ ભાગ લીધો : બહેનો દ્વારા માંડવડી, બેડા, પ્રાચીન તથા દીવડા ગરબાની પ્રસ્તુતિ કરવામાં આવી**





ગાંધીનગર, તા.૨૯

માં અંબાની આરાધના કરવા શહેરીજનો ઉત્સુક છે અને નવરાત્રીની શરૂઆત થઈ ચુકી છે ત્યારે શહેરના વિવિધ મંડળો દ્વારા ગરબા સ્પર્ધા યોજવાનું આયોજન થઈ ગયું છે. શહેરની જાણીતી સંસ્થા જયોતિ મહિલા મંડળ દ્વારા શહેરની બહેનો માટે ફરતા વયજૂથના ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નગરની લગભગ ૧૫૦૦થી વધુ બહેનોએ ભાગ લીધો હતો. વિજેતા બહેનોને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

જયોતિ મહિલા મંડળ દ્વારા આયોજિત ગુજરાત રાજય સંગીત નાટય અકાદમીના સહયોગથી ફરતા વયજૂથ ગરબાનું નગરમાં આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૯ વયજૂથ મુજબ ૫ થી ૮૫ વર્ષની બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમમાં બેડા ગરબો, માંડવડી, હેલ, તારાક, ત્રિશૂળ થાળ, તલવાર, તાલી, ચપટી, ઠેસ, પ્રાચીન ગરબા, દીવડા ગરબા જેવા પરંપરાગત ગરબાની બહેનો દ્વારા રજૂઆત પણ કરવામાં આવી હતી. ભાગ લેનાર દરેક વયજૂથની બહેનોને ટોકન લ્હાણી આપવામાં આવી હતી તથા વિવિધ વયજૂથની ૩૫૦ બહેનોને ઈનામ આપવામાં આવ્યા હતા. આ ઉપરાંત બમ્પર ઈનામ પણ રાખવામાં આવ્યા હતા.

સ્પર્ધામાં વિજેતા બહેનોમાં ૫થી ૧૦ વર્ષની વયજૂથમાં ૨૫૦ને ટોકન પ્રાઈઝ આપવામાં આવ્યા હતા. જયારે ૧૧ થી ૧૫ વયજૂથમાં પ્રથમ પ્રજાપતિ માનસી, ૧૬થી ૨૫ની વયજૂથમાં ધ્રુવી સોની, ૨૬ થી ૨૫ની વયજૂથમાં ભાવના મેઘાણી, ૩૬ થી ૪૫ની વયજૂથમાં અસ્મિતા ચૌધરી, ૪૬ થી ૬૦ની વયજૂથમાં સવિતાબેન પટેલ, ૬૦થી ઉપર શર્મિષ્ઠાબેન દવે તથા બેડા ગરબામાં મંજુલાબેન પટેલ પ્રથમ ક્રમે વિજેતા રહ્યા હતા.

આ કાર્યક્રમમાં મહિસાસુર મર્દિની સાથે મેયર રીટાબેન પટેલ, શહેરના અગ્રણી અરૂણ બુચ, મહાનગરપાલિકાના કમિશનર રતનકુંવર બા ગઢવી, મધુર ડેરીના ચેરમેન શંકરસિંહ રાણા, નિશિત વ્યાસ તથા લતાબેન ચોકસી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સ્વાગત પ્રવચન સંસ્થાના પ્રમુખ ડૉ. ચેતના બુચ, પ્રાસંગિક પ્રવચન મેયર રીટાબેન પટેલ તથા આભારવિધિ હર્ષાબા ધાંધલ દ્વારા તથા કાર્યક્રમનું સ્ટેજ સંચાલન મંડળના વર્ષાબેન દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમમાં નિરૂબેન નાયક, કોકીલાબેન નાયક, કિન્નરી દવે, જયોતિ ઠકકર, તારાબેન પટેલ, રમીલાબેન મિસ્ત્રી, પ્રવિણાબેન દરજી તથા જયોતિ મહિલા મંડળના કાર્યકર બહેનોનો વિશિષ્ટ ફાળો રહ્યો હતો. શહેરની ૧૫૦૦થી વધુ બહેનોએ આ ગરબા સ્પર્ધામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## મુવી હાઉસ

**પી.વી.આર, સિનેમેકસ, સે-૧૧**

● ડ્રીમગર્લ
૧૦.૦૦, ૧૧.૩૦, ૨.૨૦, ૩.૪૦, ૫.૧૦, ૮.૦૦, ૯.૩૦, ૧૦.૪૫
● છીછોરે
૧૦.૦૦, ૧.૦૫, ૪.૧૦, ૭.૧૫, ૧૦.૧૫
● સેકશન ૩૭૫
૧૨.૫૦, ૬.૩૦, ૯.૪૫
● એબોમીનેબલ (અંગ્રેજી)
૧૦.૩૦, ૧૨.૪૫, ૩.૦૦, ૫.૧૫, ૭.૩૦

**આર વર્લ્ડ, આઈનોકસ, સે-૨૧**

● ડ્રીમગર્લ
૧૧.૦૦, ૧.૫૦, ૪.૪૦, ૭.૩૦, ૧૦.૨૦
● પ્રસ્થાનમ્ (હિન્દી)
૧૦.૧૫
● પલ પલ દિલ કે પાસ
૪.૧૫
● છીછોરે
૧૦.૧૫, ૧૨.૧૫, ૧.૧૫, ૩.૧૫, ૪.૧૫, ૬.૧૫, ૭.૧૫, ૯.૧૫, ૧૦.૩૦

**આર વર્લ્ડ, આઈનોકસ, સે-૧૬**

● ડ્રીમગર્લ
૧૦.૪૫, ૧૨.૧૫, ૧.૩૦, ૩.૦૫, ૪.૨૦, ૫.૫૫, ૭.૧૦, ૮.૪૫, ૧૦.૦૦
● છીછોરે
૧૦.૦૦, ૧૧.૧૦, ૧.૦૦, ૩.૦૦, ૪.૦૦, ૬.૦૦, ૭.૦૦, ૯.૦૦, ૧૦.૦૦
● પલ પલ દિલ કે પાસ
૧૨.૦૦
● પ્રસ્થાનમ્ (હિન્દી)
૫.૦૫

## કાશ્મીર સરહદે શહીદ થયેલા શાળાના પૂર્વ વિદ્યાર્થીને પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ અપાઈ




ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગરના સેકટર-૩૦ ખાતેની શ્રી પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલયના પ્રાંગણમાં તા. ૨૭મી સપ્ટેમ્બરે શહીદ રાજપૂત જોની હનુમાનસિંહ જેઓ પુંજ સેકટર જમ્મુ કાશ્મીરમાં વર્ષ ૨૦૧૫માં ભારત દેશની રક્ષા કરતા શહીદ પામ્યા હતા તેમને શ્રધ્ધાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે સેકટર-૨૧ પોલીસ સ્ટેશનના પીએસઆઈ ઉર્વશી પટેલ, એએસઆઈ અતુલભાઈ તથા શહીદ જવાનના પિતરાઈભાઈ દિપકસિંહ રાજપૂત ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલયના પૂર્વ વિદ્યાર્થી તથા શહીદ વીર સ્વ. જોની હનુમાનસિંહ રાજપૂતની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. ભારતમાતાની રક્ષા કાજે શહીદ થયેલા વીર જવાનની શહીદીમાંથી પ્રરણા લઈ બાળકોને ભારતના રક્ષા દળો જેવા કે આર્મી, નેવી, એરફોર્સ અથવા નાગરિક સંરક્ષણ માટે પોલીસમાં જોડાવા પ્રેરિત કરતો સંદેશ અતિથિઓએ પાઠવ્યો હતો. આ પ્રસંગે શહીદવીરના પરિવાર જનોનું શાળાના વરિષ્ઠ શિક્ષક સુરાવત મોતીસિંહે પુસ્તક આપી તેમનું સન્માન કર્યું હતું. આ પ્રસંગે ૨૦૦ વિદ્યાર્થીઓએ ભાવિમાં રાષ્ટ્રકાજે કાર્યરત થવાનો સંકલ્પ કર્યો હતો. કાર્યક્રમમાં સંસ્થાના ટ્રસ્ટી અર્જુનસિંહ વાઘેલા અને શોભનાબા વાઘેલા હાજર રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન મોતીસિંહ સૂરાવતે તેમજ નવરત્નસિંહે કર્યું હતું.

## સે-૨૬ સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા સમૂહ વિષ્ણુપૂજા-પિતૃતર્પણ યોજાયા



ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગરના સેકટર-૨૬ના સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા શનિવારે સર્વ પિતૃ અમાવસ્યા નિમિત્તે સેકટર-૨૭ના રંગમંચ ખાતે સમૂહ વિષ્ણુ પૂજા અને પિતૃ તર્પણના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ ભરતભાઈ રાવલના આચાર્યપદે યોજાયો હતો. જેમાં ૨૦થી વધુ બ્રહ્મબંધુઓએ પિતૃ તર્પણ પૂજામાં ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમ સે-૨૬ સમસ્ત બ્રહ્મસમાજના વડિલો તથા આયોજન તથા સલાકાર સમિતિના સભ્યોના સહકારથી સંપન્ન થયો હતો.

## આજે અખિલ ભારતીય સામાજીક સંઘ દ્વારા ગરબા સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા.૨૯

અખિલ ભારતીય સામાજીક સ્વાસ્થ્ય સંઘ દ્વારા બપોરે ૨ વાગ્યે સે-૧૨ સ્થિત બલરામ મંદિર હોલ ખાતે ગરબા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત સભ્યો-બહેનોનો ડ્રો ૪ કલાકે રાખવામાં આવ્યો છે. દરેક સભ્યો બહેનોને ચાલુ વર્ષના સભ્યકાર્ડ સાથે લઈને આવવા સંસ્થાના પ્રમુખ શર્મિષ્ઠાબેન દવે દ્વારા જણાવાયું છે.

# જમાનો 'ગીવ એન્ટ ટેક'નો છે, જેવું આપશો તેવું પામશો

**વધતી જતી વયે વધુ આધુનિક વિચારો સાથે જીવનને માણતા ગાંધીનગરના ૮૨ વર્ષીય તિલોત્તમા ભટ્ટ પરિવાર માટે પ્રેરણાસ્ત્રોત સમાન : તેમની ગુંથણકલા અને ફેશન અંગેની સમજ ચણિયાચોળીનો વ્યવસાય કરતી પુત્રવધુ માટે આશીર્વાદરૂપ બની રહી છે**




ગાંધીનગર, તા.૨૯

આદ્યશકિત મા જગદંબાની આરાધના સાથે લોક સંસ્કૃતિ અને લોકકલાને ઉજાગર કરતા મહાપર્વ નવરાત્રીનો પ્રારંભ થઈ ચુકયો છે. નવરાત્રી એક એવું પર્વ છે જેમાં બાળકોથી માંડીને વયોવૃધ્ધ વડિલોમાં અનોખી શકિતનો સંચાર થાય છે જેના પગલે તે વ્યકિતમાં રહેલી કુશળતા વધુ સારી રીતે નિખરીને બહાર આવે છે. યોગાનુયોગ આ વર્ષે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતિનું વર્ષ છે જેમણે 'સ્વ-શ્રમ' યુકત જીવન સાથે કુરૂઢિઓને ફગાવી આધુનિકતાની તાજી હવા સાથેની વિચારસરણીને જાતે અપનાવી સમગ્ર વિશ્વ સમક્ષ પ્રેરક ઉદાહરણ પ્રસ્તુત કર્યું હતું. નવરાત્રીમાં દરેક ખેલૈયા જેમ હૈયે ઉમંગથી તરબતર થાય છે તેવી જ રીતે ગાંધીનગરના એક પરિવારમાં ૮૨ વર્ષીય 'બા' તેમની રોજીંદી પ્રવૃત્તિઓથી સમગ્ર પરિવારમાં ઉત્સાહનું સિંચન કરી રહ્યા છે.

ગુજરાત બૃહદ મુંબઈ રાજયથી છુટું પડયું તે પછી રાજયના ફાળે આવેલા સરકારી કર્મચારીઓ અમદાવાદ શીફટ થયા હતા. જેમાં સચિવાલયના કર્મચારી ગુણવંતરાય ભટ્ટ પણ હતા જેમને અસ્થમા હોવાથી આમ પણ મુંબઈનું ભેજયુકત વાતાવરણ અનુકુળ આવતું નહોતું અને આ કારણે તેઓ વધુ અભ્યાસ પણ નહોતા કરી શકયા. જી.એમ. ભટ્ટ તરીકે જાણીતા ગુણવંતરાયના ધર્મપત્નિ તિલોત્તમા ભટ્ટ પોતાના પિતાની પ્રેરણાને પગલે પતિને અભ્યાસ માટે પ્રેરિત કર્યા કરતા હતા. દિવસભરની નોકરીથી થાકીને આવેલા પતિ જમીને સુઈ જાય પછી વહેલી પરોઢે તેમને જગાડી ચા પીવડાવે અને થોડી ઘણી વાતો કરી તેમની ઊંઘ ઉડાડે અને પછી તેમના અભ્યાસમાં મદદ કરે.

પોતાના સંતાનની જેમ પતિને તેમના અભ્યાસની નોટસ જે તેમણે બપોરના સમયે તૈયાર કરી રાખી હોય તે વાંચીને સંભળાવે અને ગોખાવે. આમ કરતા કરતા માત્ર ઓલ્ડ એસએસસી પાસ પતિને તેમણે ગ્રેજયુએશન પણ પાસ કરાવી દીધું અને એલએલબીના અભ્યાસના બે વર્ષ પણ પુરા કરાવી દીધા હતા. આ અભ્યાસને પગલે પતિને સરકારી નોકરીમાં પ્રમોશન પણ ઝડપથી મળ્યા અને તેઓ છેક 'અન્ડર સેક્રેટરી'ના માનભર્યા હોદ્દા સુધી પહોંચી શકયા હતા. તિલોત્તમાબેન પોતે એસએસસી ઈન્ટર સુધી જ ભણ્યા હતા પરંતુ તેમને વાંચન પ્રવૃત્તિમાં ખૂબ રસ હતો. તેમના ઘરમાં અઢળક છાપાં અને સામયિકો આવતા હતા અને દરરોજ અખબારમાં આવતી આડી ચાવી-ઉભી ચાવી વાળા ખાનાં ભરવાનો તેમને ખૂબ શોખ હતો જે આજદિન સુધી જળવાયેલો છે. એ શોખના કારણે તેમનું શબ્દભંડોળ પણ સમૃધ્ધ છે અને આ પ્રવૃત્તિથી તેઓ હંમેશા ઈનામો જીતતા હતા જેમાંથી અસંખ્ય ઈનામો તેઓ પોતાના નજીકના સ્નેહીજનોને ભેટમાં આપી રાજી કરતાં રહેતા હતા.

વર્ષ ૧૯૭૦માં ગાંધીનગર રહેવા આવ્યા પછી તેમની વાંચન પ્રવૃત્તિને વધુ વેગ મળ્યો હતો. આ સાથે તેમને બીજો એક શોખ હતો ગુંથણ અને સિવણકામનો જેના થકી તેઓ સાધન સંપન્ન હોવા છતાં પોતાના બે દિકરા અને બે દિકરી એમ ચારેય સંતાનોને નાનપણમાં કપડાં પણ જાતે જ સિવી પહેરાવતા હતા. ગુંથણ કાર્યમાં તેઓ વિવિધ પધ્ધતિઓ જેવી કે એક સોયો, બે સોયા, અંકોડી, ગુલાબ ટાંકો, સાદો ટાંકો, સાંકળી ટાંકો, પોલો ટાંકો વગેરે ઉપરાંત સ્વેટર્સ-મફલર વગેરેમાં પણ પાવરધા હતા અને આજે ૮૨વર્ષની ઉંમરે તેમની આ કળા પરંપરાગત ચણિયા ચોળી વેચવાનો વ્યવસાય કરતી તેમની મોટી પુત્રવધુ વંદનાબેનને ખુબ ઉપયોગી સાબિત થઈ રહી છે. તિલોત્તમાબેન આ ઉંમરે પણ ચણિયાચોળીમાં નવીનતમ ડિઝાઈન કરી આપવામાં મદદરૂપ થવા સાથે વાંચનના પ્રતાપે વંદનાબેનને ફેશનના લેટેસ્ટ ટ્રેન્ડસથી અવગત કરતા રહે છે. તિલોત્તમાબેનની બંને દિકરીઓ પરણીને ઠરી ઠામ છે અને મોટા પુત્ર સુનિલભાઈ બેંક મેનેજરપદેથી નિવૃત્ત થયેલા છે જયારે નાના પુત્ર કુમારભાઈનું કેટલાક વર્ષ પહેલા વાઈરલ બિમારીના પગલે અવસાન થઈ ચુકયું છે જયારે નાના દિકરાનું અવસાન થયું ત્યારે સમાજના રીતિ રિવાજ મુજબ વહુનો ચાંલ્લો-ચૂંક કાઢવાનો જુનવાણી રિવાજ ફગાવી વહુને દિકરીને જેમ સાચવી હિંમત આપનાર તિલોત્તમાબેન આજે પણ એટલાં આધુનિક છે કે તેમની પૌત્રીઓ પણ દાદીએ પસંદ કરેલી ડિઝાઈનના કપડાં પહરેવા વધુ પસંદ કરે છે તેઓ આજે પણ પોતાના સ્વર્ગસ્થ પતિના મિત્રવર્તુળના સંગઠનમાં નિયમિત કાર્યરત છે અને તેમની સાથે કથા-ભજનો તો ઠીક ફિલ્મો જોવા અને પ્રવાસે પણ જવામાં કયારેય સંકોચ અનુભવતા નથી. પોતાની બંને વહુ સાથે કિટી પાર્ટીમાં પણ પહોંચી એટલી મોજ કરાવે છે કે કિટી પાર્ટીની મહિલાઓને તેમના વગરની કિટી પાર્ટી ફિક્કી ફસ્સ લાગે છે.

દરરોજ સવારે ૬.૩૦ વાગે ઉઠી ચા-પાણી પતાવી સૌથી પહેલા છાપાં-મેગેઝીન વાંચવા બેસી જતા તિલોત્તમાબેન પૂજા પાઠ પણ પછી કરે છે અને જો મંદિર કે બજાર અથવા બીજે કયાંય પણ જવું હોય તો ઘરના કોઈ સભ્ય પર નિર્ભર રહેતા નથી બલ્કે પોતાના દિકરા જેવો ગણતા એક મુસ્લિમ રીક્ષા ચાલક મુસ્તાકને મોબાઈલ ફોન કરી બોલાવી લે છે. તેઓ પુત્રવધુને જન્મદિવસે 'માય ડૉટર, માય ફ્રેન્ડ'ના સંબોધનની બર્થ ડે કાર્ડ લખી સરપ્રાઈઝ આપતા તિલોત્તમાબેન નિયમિત વ્હોટસએપ વાપરે છે અને તેના પર પસંદ આવતા સારા લેખ, ગીતો કે સુવાકયો વહુઓ-દિકરીઓને તેમજ પૌત્રીઓને 'ફોરવર્ડ' પણ કરે છે. ૮૨ વર્ષની ઉંમરે શારિરીક અને વૈચારિક રીતે સતત તરોતાજાં રહેતા તિલોત્તમાબેન માને છે કે 'આ જમાનો ગીવ એન્ડ ટેકનો જમાનો છે, હું જેટલો પ્રેમ પરિવારને આપુ છું તેનાથી બમણો પરિવારજનો મને પાછો આપે છે.'




- પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@yahoo.com